# ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી

**બ્લોક નં. ૪, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

## સમરસ છાત્રાલયમાં પ્રવેશ મેળવવા અંગેની જાહેરાત

કોલેજ કક્ષાના સ્નાતક, અનુસ્નાતક તથા અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને વર્ષ ૨૦૨૧-૨૨નાં શૈક્ષણિક વર્ષ માટે આણંદ, ભાવનગર, જામનગર, હિમતનગર, પાટણ ખાતેના સમરસ કુમાર અને કન્યા છાત્રાલયો તેમજ વડોદરા કુમાર અને સુરત કન્યા સમરસ છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ પાસેથી https://samras.gujarat.gov.in/ વેબસાઈટ પર તા: ૧૫/૧૦/૨૦૨૧ સુધી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

- સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમોમાં કોઈપણ વર્ષ કે સેમેસ્ટરમાં નવો પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨ની ટકાવારી અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની ટકાવારીના આધારે મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.
  (નોંધ: વિદ્યાર્થીએ ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઈએ.)
- રિન્યુ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા માટેના લાયકાતના ધોરણો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
- જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં અરજી કરેલ હોય પરંતુ કોવિડ ૧૯ના કારણે પ્રવેશ આપવામાં આવેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવેસરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે. અગાઉ કરેલ અરજી માન્ય ગણાશે નહિ.
- ઓનલાઈન અરજીના આધારે પ્રવેશ માટેની પ્રોવિઝનલ મેરીટ યાદી પ્રસિદ્ધ થયેથી તેમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓએ વેબસાઈટ પર દર્શાવેલ સમયગાળામાં સબંધિત સમરસ છાત્રાલય ખાતે અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે.
- જો કોઈ વિદ્યાર્થિની ઓનલાઈન ફોર્મમાં ભરેલ ટકાવારી અને અસલ માર્કશીટની ટકાવારીમાં તથા લાયકાત અંગેના પ્રમાણપત્રોમાં તફાવત હશે તો તેવા અરજદારોનો પ્રવેશ રદ કરવામાં આવશે.
- વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલ ઓનલાઈન અરજીના આધારે પ્રવેશ અંગેનો હક્ક દાવો કરી શકશે નહિ. સમરસ છાત્રાલયમાં પ્રવેશ અંગેની અંતિમ યાદી કોવિડ – ૧૯ની પરિસ્થિતિને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા નક્કી કરેલ નિયમોના આધારે બહાર પાડવામાં આવશે.

- હાલમાં કોવિડ-૧૯ને કારણે ફક્ત રિન્યુ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે. ત્યારબાદ છાત્રાલયની ક્ષમતા મુજબ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
- અનિવાર્ય સંજોગોમાં કોવિડ ૧૯ મહામારી અથવા કોઈપણ કારણોસર સરકારશ્રી/ સ્થાનિક પ્રશાશનને સમરસ છાત્રાલય કોવિડ કેર સેન્ટર તરીકે ઉપયોગમાં લેવાની જરૂરીયાત જણાય તો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને છાત્રાલય તાત્કાલિક ખાલી કરવાની શરતે પ્રવેશ આપવામાં આવશે.
- સમરસ છાત્રાલયના પ્રવેશ અંગેના નિયમો તેમજ વધુ વિગતો ઉક્ત દર્શાવેલ વેબસાઈટ પર દર્શાવેલ છે. જેનો સંપુર્ણ અભ્યાસ કરી છાત્રોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે.
- ગ્રામ્ય વિસ્તારના છાત્રો ઈ-ગ્રામ મારફતે પણ પ્રવેશ માટેની ઓનલાઈન અરજી કરી શકશે.
- પ્રવેશ અંગેની વધુ માહિતી માટે સબંધિત જિલ્લામાં આવેલ સમરસ છાત્રાલયનો સંપર્ક કરવાનો રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી
અને
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર